ક્રમાંક: માવિ.૩/NSS GRANT/૨૦૧૭-૧૮/ ૨૧૨૮૪૫-૩૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૯/૧૨/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી,
NSS ની પ્રવૃતિ ચલાવતી તમામ શાળાઓ
બનાસકાંઠા

વિષય: રાષ્ટ્રીય સેવા યોજના (NSS) ની સ્વયંસેવકોની માહિતી તથા ગ્રાન્ટ ફાળવવા બાબતે જરૂરી માહિતી આપવા બાબત.

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના પત્ર ક્રમાંક નં. રસય/૧૧/૨+કક્ષા/કો.પ્ર./૨૦૧૭/૨૦૦૫-૩૯ તા.૨૯/૧૧/૨૦૧૭ અન્વયે.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, અત્રેના જિલ્લામાં રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત વર્ષ-૨૦૧૭/૧૮ માં NSS ની પ્રવૃતિ કાર્યરત હોય તેવી શાળાઓ તથા જે ચાલુ વર્ષે મંજુરી મેળવેલ હોય તેવી શાળાઓએ નીચેના પત્રક મુજબની માહિતી દિન-૦૫ (પાંચ) માં હાર્ડકોપી તથા સોફ્ટકોપીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

પત્રક-૧ (બેંક માહિતી)

| NO. | SCHOOL NAME | ADDRESS | BANK NAME | IFSC CODE | ACCOUNT NO. | ADHAR NO. (PRINCIPAL/PROGRAM OFFICER) | PIN CODE | MOBILE NO. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

પત્રક-૨ (સ્વયંસેવકોની માહિતી)

| NO. | ACTIVITY (SPECIAL/REGULAR) | NAME OF STUDENTS | GENDER (M/F) | STANDARD | CASTE |
|---|---|---|---|---|---|
| | | | | | |

પત્રક-૩ (નિયમિત પ્રવૃતિ – આંકડાકીય માહિતી)

| GEN | SEBC | SC | ST | TOTAL |
|---|---|---|---|---|
| | | | | |

પત્રક-૪ (ખાસ પ્રવૃતિ – આંકડાકીય માહિતી)

| GEN | SEBC | SC | ST | TOTAL |
|---|---|---|---|---|
| | | | | |

<u>ખાસ નોંધ:</u> ગયા વર્ષની ફાળવેલ ગ્રાન્ટ અંગેનું વપરાશનું પ્રમાણપત્ર આપના દ્વારા ફરજીયાત આપવાનું રહેશે. અન્યથા ચાલુ વર્ષ (૨૦૧૭/૧૮) માં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે નહિ. જે શાળાઓને ચાલુ વર્ષે એટલે કે, વર્ષ-૨૦૧૭/૧૮ માં મંજુરી મેળવેલ છે તેવી શાળાઓને પ્રમાણપત્ર આપવાની જરૂર નથી. જેની નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા, પાલનપુર

<u>બિડાણ:</u> ઉપર મુજબ

ક:રસય/૧૧/૨+કક્ષા/કો.પ્ર./૨૦૧૭

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,

બ્લોક નં.૧૨/૨,ડો.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.ગાંધીનગર તા ૨ / ૧૧ /૨૦૧૭

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,

જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,

તમામ.

વિષય:- રાષ્ટ્રીય સેવા યોજના(એન.એસ.એસ.)ની સ્વયંસેવકોની માહિતી તથા અનુદાન અંગે

આપના જિલ્લાની જે ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને રાષ્ટ્રીય સેવા યોજના તળે આવરી લેવામાં આવેલ છે તે કાર્યરત શાળાઓની માહિતી તથા પોગ્રામ ઓફિસરનું નામ,શૈક્ષણિક લાયકાત અને કેટલા વર્ષથી પોગ્રામ ઓફિસર તરીકે સેવા આપેલ છે તેમજ તેઓએ તાલીમ લીધેલ છે કેમ? તેની માહિતી આ કચેરીને મોકલી આપવાની રહેશે તથા આ ઉપરાંત નીચેની વિગતો ધ્યાને લઇ તે મુજબની કાર્યવાહી કરવા જરૂરી સૂચના સંબંધિત શાળાઓને આપવાની રહેશે,

(૧) જે શાળાઓ પાસે એન.એન.એસ.ની ગ્રાન્ટ વણવપરાયેલ હોય તે તાત્કાલીક સરકારશ્રીમાં જમા કરાવી અત્રેની શાખાને જાણ કરવાની રહેશે

(૨) શાળામાં એન.એસ.એસ.નું યુનિટ સક્રિય છે તે માટે અપાતી ગ્રાન્ટનો નિયમાનુસાર ઉપયોગ થાય છે કે કેમ?તેની ચકાસણી આપની કક્ષાથી કરવાની રહે છે તથા શાળાઓને ગત વર્ષની ફાળવેલ ગ્રાન્ટ અંગેનું વપરાશના પ્રમાણપત્ર આપની કચેરી દ્વારા મેળવ્યા બાદ ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે.

(૩) આપની કચેરીના E.I અથવા આપના દ્વારા શાળાઓની મુલાકાત કે નિરીક્ષણ દરમ્યાન એન.એસ.એસ.ની પ્રવૃત્તિ અંગેની ચકાસણી કરવાની રહેશે.ઉપરાંત ગ્રાન્ટના વપરાશ અંગેની ચકાસણી કરવાની રહેશે.

(૪) એન.એસ.એસ.એકમ ધરાવતી શાળાઓએ રાષ્ટ્રીય બેંકમાં અલાયદુ એકાઉન્ટનિભાવવાનું રહેશે.જેમાં આચાર્ય અને પોગ્રામ ઓફિસરનું સંયુકત એકાઉન્ટ ખોલાવવાનુ રહેશે.

(૫) અત્રેથી ફાળવવામાં આવતી ગ્રાન્ટ અને તેના ખર્ચના હિસાબ આચાર્યશ્રી તથા પોગ્રામ ઓફિસરે નિભાવી પ્રતિ વર્ષ ચાર્ટડ એકાઉન્ટ પાસે ઓડિટ કરાવવાના રહેશે. સી.એ.રિપોર્ટનું વિગતવાર ખર્ચની વિગત દર્શાવવાની રહેશે.

(૬) શાળાઓ દ્વારા યોજવામાં આવનાર એન.એસ.એસની દિન-૭ ની ખાસ શિબિર અંગે આપની કચેરીને અગાઉથી જાણ કરવાની રહેશે અને તેના વિગતવાર અહેવાલની નકલ રીજીઓનલ ડાયરેકટર ઓફ એન.એસ.એસ. અમદાવાદ તેમજ આ કચેરીને મોકલી આપવા જણાવવાનું રહેશે.

(૭) જે શાળાએ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ બે વર્ષ દરમ્યાન કુલ ૨૪૦ કલાક ની નિયમિત

સેવા પ્રવૃત્તિ ખાસ શિબિર અંતર્ગત ૦૭ (સાત) દિવસ સેવા કાર્ય કરેલ હોય તેવા સ્વયંસેવકોને એન.એસ.એસ.ના પ્રમાણપત્ર આપવાના હોય છે જે અત્રેની કચેરીએથી મેળવી લેવા આપની કક્ષાએથી કક્ષાએથી જાણ કરવા વિનંતી છે.

રાજ્ય એન.એસ.એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ:-</u>

ડાયરેક્ટરશ્રી,

ડાયરેક્ટર ઓફ એનએસએસ,એલીસબ્રીજ ,પાટનગર યોજના ભવન,અમદાવાદ